ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૮.૮ ડીગ્રી
લઘુતમ : ૨૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૨૯ ટકા

# પ્રચારના અંત સુધી શહેરમાં નિરસતાનો માહોલ

## દેશને રાજનીતિની નવી દિશા ચિંધનાર ગાંધીનગરમાં આ વખતે એક પણ મોટી જાહેર ચુંટણી સભા ના યોજાઈ : રાજકીય પક્ષોની ઉપેક્ષાની અસર મતદાનની ટકાવારી પર થવા સંભવ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર ગુજરાતનું પાટનગર હોવા ઉપરાંત દેશની રાજનીતિને નવી દિશા ચિંધનારું શહેર હોવા છતાં આ વખતની લોકસભાની ચુંટણીમાં ચુંટણી પ્રચારના પડઘમ શાંત કરવાનો અંતિમ દિવસ આવી ગયો હવા છતાં શહેરમાં ચૂંટણી બાબતે સંપૂર્ણ નીરસતા જોવા મળી રહી છે. આ વખતની લોકસભાની ચૂંટણીઓમાં રાજકીય પક્ષો જ નહીં ઉમદવારો દ્વારા પણ જાણે પાટનગરની ઉપેક્ષા કરવામાં આવી હોય તેઓ માહોલ સર્જાયો છે. કારણ કે છેક છેલ્લે સુધી શહેરમાં એક પણ મોટી રાજકીય ચૂંટણી સભા કે અન્ય કોઈ જાહેરસભા યોજાઈ નથી.

ગાંધીનગર લોકસભા બેઠક પર જયારથી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ ઉમેદવાર જાહેર કરાયા ત્યારે આ બેઠક પરનો જંગ રોમાંચક બનશે અને રાજયની અન્ય બેઠક પર તેની મોટી અસર પડશે તેવી વાતો રાજકીય વિશ્લેષકોએ કરી હતી. વળી, કોંગ્રેસ દ્વારા પણ ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી ઘડીએ ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના પ્રવર્તમાન ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાને ટિકિટ આપી અમિત શાહને પડકાર ફેંકવાનો માહોલ પણ ઉભો કરવા પ્રયાસ કર્યો છે પરંતુ બંને ઉમેદવારોએ શરૂઆતના રોડ-શો બાદ શહેરમાં સીધા પ્રચાર કે ચૂંટણી સભા ગજવવાનું ટાળ્યું છે. વળી આ બે સહિત ગાંધીનગર બેઠક પર કુલ ૧૭ ઉમેદવારો ચૂંટણી જંગ લડી રહ્યા હોવા છતાં એક પણ ઉમેદવારની ચૂંટણીલક્ષી જાહેર સભા શહેરમાં યોજાઈ નથી. હા, શહેરમાં ભાજપ અને કોંગ્રેસના કાર્યકરોએ ઘર ઘર રૂબરૂ પ્રચાર કાર્ય જરુર કર્યું છે અને બંને રાજકીય પક્ષોના સ્થાનિક સંગઠન સક્રીય રહ્યા છે પરંતુ કોઈ પણ પ્રકારની જાહેર ચૂંટણીસભા કે કોઈ મોટી રેલી વગેરે યોજાઈ ના હોવાથી શહેરમાં ચૂંટણીનો માહોલ પાટનગરને છાજે તેવો જોવા મળ્યો નથી જેના કારણે મતદારોમાં પણ નીરસતા જોવા મળી રહી છે. જે કદાચ મતદાનની ટકાવારીને અસર કરી શકે તેવી ભીતિ સેવાઈ રહી છે. શહેરમાં લાઉડ સ્પીકર્સ સાથના વાહનો જૂજ સંખ્યામાં ફર્યા અને કયાંય મુખ્ય હોર્ડિંગ્સ સિવાય બેનર્સ, પતાકા કે તોરણો ઉપરાંત ચોપાનીયા-પત્રિકાઓ પણ જોવા મળી નથી. હવે જયારે મતદાનની આડે ગણતરીના કલાકો બાકી છે અને ચૂંટણીના પ્રચારના પડઘમ પણ શાંત થઈ ગયા છે ત્યારે ગાંધીનગર શહેરમાં ઉમેદવારોએ દાખવેલી ઉપેક્ષા કેવી સ્થિતિનું નિર્માણ કરે છે તે જોવું રહ્યું.

### બંને પક્ષોએ રણનીતિ મુજબ પ્રચાર કર્યો

ગાંધીનગર લોકસભા બેઠકમાં અમદાવાદ પશ્ચિમનો શહેરી તથા સાણંદ સુધીનો ગ્રામ્ય વિસ્તાર સમાવિષ્ટ હોવાથી મુખ્ય બંને રાજકીય પક્ષોના ઉમેદવારોએ અમદાવાદ તથા ગ્રામીણ વિસ્તારના મતદાતાઓ પર વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ બેઠક પર શહેરી વિસ્તારમાં ભાજપ અને ગ્રામીણ વિસ્તારમાં કોંગ્રેસને વધુ સમર્થન મળશે તેવું રાજકીય વિશ્લેષકોનું માનવું હોવા સાથે બંને હરિફોએ તે મુજબ પોતાની રણનીતિ ઘડી હોય તેવું જણાઈ રહ્યું છે.



ગાંધીનગર શહેરના ઘ-૨ પાસે વિરમગામવાળા મહેન્દ્ર કાકા સોડાવાળાની સોડાની રેકડી પર ગતરોજ રાત્રીના સુમારે ગુજરાતના જાણીતા લોકગાયક અને ફિલ્મ કલાકાર વિક્રમ ઠાકોર સોડા પીવા માટે આવી પહોચ્યા હતા અને સોડા પીને આનંદનો ઓડકાર લીધો હતો. આ પ્રસંગે વિક્રમ ઠાકોરના ચાહકો મોટી સંખ્યામાં એકઠા થયા હતા. જયારે આ સોડાની રેકડી પર શહેરના રાજકીય આગેવાનો, સામાજીક-સેવાકીય સંસ્થાના હોદેદારો સહિત અનેક નામી વ્યકિતઓએ સોડાનો સ્વાદ માણ્યો છે.

# મતદાનને પગલે આવતીકાલે સિવિલની ઓપીડી બંધ રહેશે

ગાંધીનગર, તા.૨૧

આગામી તા.૨૩ એપ્રિલના રોજ લોકસભાની ચુંટણીનું મતદાન યોજાશે. મતદાનને પગલે સિવિલ તંત્ર દ્વારા ઓપીડી વિભાગ બંધ રાખવામાં આવશે. જયારે ઈન્ડોર વોર્ડમાં ફરજ બજાવતા સ્ટાફને પણ વારાફરતી મતદાન કરવા માટે રજા આપવામાં આવશે. જયારે વિકલાંગ મતદાર ભાઈ બહેનો માટે મતદાન મથકે ૨૫ થી વધુ વ્હીલચેર સિવિલ તંત્ર દ્વારા મોકલવામાં આવી છે. ચુંટણીમાં મતાદાને પોતાનો કિંમતી મત આપવાનો પુરેપુરો અધિકાર રહેલો છે. મતદાનના દિવસે સરકારની આવશ્યક સેવાઓની કચેરી તેમજ કારખાનાઓમાં કામ કરતા ભાઈ બહેનો મતદાન કરી શકે તે માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવાનો આદેશ ચુંટણી પંચ દ્વારા કરવામાં આવ્યો હતો. લોકસભાની ચુંટણીમાં સિવિલ હોસ્પિટલમાં કોન્ટ્રાકટ માં ખાનગી એજન્સીમાં કામ કરતા કર્મચારીઓ મતદાન કરવાથી વંચિત ન રહી જાય તે માટે સિવિલ તંત્ર દ્વારા તા.૨૩ મી એપ્રિલના રોજ રજા જાહેર કરવામાં આવી છે. જેના પગલે મંગળવારના રોજ ઓપીડી બંધ રહેશે પરંતુ તાત્કાલીક વિભાગને કાર્યરત રાખી તાત્કાલીક અને ઈન્ડોર ઈમારતમાં આવેલા વિવિધ વોર્ડમા ફરજ બજાવતા કર્મચારીઓને વારાફરતી મતદાન કરવા માટે જવા માટે રજા આપવામાં આવશે.



ગાંધીનગર લોકસભા બેઠકના બહુજન સમાજ પાર્ટીના ઉમેદવાર જયેન્દ્ર રાઠોડ દ્વારા આજે ચુંટણી પ્રચારના અંતિમ દિવસે ગાંધીનગર શહેરી ગ્રામ્ય વિસ્તારના તમામ મતદારો સુધી પહોંચવા માટે રેલીનું આયોજન કરાયું હતું. આ રેલીમાં બસપાના ઉમેદવારનું સે-૨ અને સે-૬ ખાતે સ્વાગત કરાયું હતું. સવારથી રેલી શહેરના વિવિધ સેકટરના આંતરિક માર્ગો પર ફરી હતી. ઉમેદવાર કાર્યકરો સાથે ગાંધીનગરના મત વિસ્તારમાં ખુંદી વળ્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં કાર્યકર ભાઈ-બહેનો હાજર રહ્યા હતા.



આત્મન ફાઉન્ડેશન દ્વારા ૨૩મી આત્મન અભિવ્યકિત બાળ શિબિર યોજાઈ હતી.જેમાં વેકેશનના સમયમાં બાળકોને શાળા, પુસ્તકો, ભણવાની ચિંતાથી મુકત થઈ તદન ખુલ્લા નૈસર્ગિક વાતાવરણમાં જ્ઞાન સાથે ગમ્મત, સહજીવનના પાઠ, હળવું, મળવું સાથે સાથે ડાન્સ, ચિત્ર, કેલીગ્રાફી, વિજ્ઞાનના પ્રયોગો, પશુ, પક્ષીઓ વિશે જાણકારી જેવી પ્રવૃત્તિઓ શીખવવામાં આવી હતી. જેમાં શહેરના ૫ થી ૧૫ વર્ષના ૯૦ જેટલા બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સંસ્થાના કાર્યકર્તા પ્રજ્ઞાબેન પટેલ, સુધાબેન શુકલ અને જયશ્રીબેન ખેતિયાએ આ પ્રવૃત્તિને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# સેકટર-૨૧/૨૨ કટ પાસે બે કાર વચ્ચે અકસ્માત સર્જાયો



શહેરના માર્ગો પર બેફામ ગતિએ વાહનો નાગરીકો હંકારે છે. ટ્રાફિક નિયમન અને ગતિ નિયંત્રણની ઐસી તૈસી કરી રોકેટગતિઓ ગાડીઓ હંકારી અકસ્માત નોતરે છે. ત્યારે રવિવારના રોજ બપોરના સુમારે ચ-૬ થી ચ-૫ તરફ આવી રહેલી વેગન-આર અને સેકટર-૨૧માંથી મુખ્ય માર્ગ પર આવી રહેલી હોન્ડા એમેજ કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જો કે સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાની થવા પામી નથી પરંતુ બંન્ને કારને ભારે મોટીમાત્રામાં નુકશાન થવા પામ્યું છે. અકસ્માતને પગલે નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા અને થોડીવાર માટે ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ હતી.

# ખ-૭ પાસેથી આઈપીએલ મેચ પર સટ્ટો રમતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના ખ-૭ સર્કલ પાસે સેકટર-૨૬ ના કોર્નર ઉપરથી આઈપીએલ મેચ ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા એક શખ્સને ગાંધીનગર એલસીબી પોલીસની ટીમે ઝડપી પાડ્યો છે. પોલીસે શખ્સ પાસેથી રૂ.૨૬,૫૯૦ નો મુદ્દામાલ કબ્જે કરી સે-૨૧ પોલીસ મથકમાં જુગારધારા મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી પીએસઆઈ પી.ડી.વાઘેલા તેમજ તેમની ટીમના સભ્યો ગતરોજ રાજસ્થાન રોયલ અને મુંબઈ ઈન્ડીયન્સ વચ્ચે ચાલતી લાઈવ ટી-૨૦ ક્રિકેટ મેચ અંતર્ગત તે દિશામાં કાર્યરત હતા. તે દરમિયાન



પો.કો. જીતેન્દ્રસિંહ પ્રવિણસિંહને બાતમી મળી હતી કે ખ-૭ સર્કલ સેકટર-૨૬ કોર્નર ઉપરથી મેચના લાઈવ પ્રસારણ ઉપર ક્રિકેટ મેચના લાઈવ સોદા કરી સટ્ટો રમાડતો એક શખ્સ જગદીશજી ગાંડાજી વિહોલ રહે. પ્લોટ નં.૫૦૩-૧ કિશાનનગર સે-૨૬ વિજયભાઈ મરાઠીના મકાનમાં ગાંધીનગર મુળ રહે.ગેરીતા કોલવડા તા.વિજાપુર જી મહેસાણાને પકડી પાડ્યો હતો. પોલીસે આરોપી પાસેથી સટ્ટો રમવા અંગે ઉપયોગમાં લેવાયેલા ૨ મોબાઈલ કિ.રૂ.૧૦,૦૦૦ રોકડ રકમ કુલ ૧૫૯૦ તેમજ હીરોહોન્ડા ગ્લેમર જી.જે.૦૨ એ.જે.-૭૮૩૩ કિ.રૂ.૧૫૦૦૦ મળી કુલ રૂ. ૨૬,૫૯૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ શખ્સ સામે સે-૨૧ પોલીસમાં જુગારધારા મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# છેલ્લા ૫૦ વર્ષથી અવિરત ચાલતી રાત્રિ બેઠકે વસાહતીઓની જીંદગી સજાવી

## ગાંધીનગરના સે-૧૬ની રાત્રિ બેઠકને ૨૯મી એપ્રિલ ૨૦૧૯ના રોજ ૫૦ વર્ષ પૂર્ણ થશે : શહેરમાં વસાહત મંડળની સ્થાપનાની પરંપરા સાથે તહવારોની ઉજવણી સહિત પ્રજાલક્ષી સમસ્યાઓ ઉકેલવામાં રાત્રિ બેઠકની સક્રિય ભૂમિકા



સંબંધ સજાવે જિંદગી
સમીર રામી

ગાંધીનગર, તા.૨૧

ભારતીય સંસ્કૃતિમાં પહેલો સગો પડોશીને ગણાવાયો છે કારણ કે જયારે કોઈ અચાનક આવી પડેલા સંકટ કે દુઃખ દર્દની ઘડી હોય અથવા ઘર-પરિવારમાં શુભ પ્રસંગ હોય તમારો પડોશી સૌથી પહેલા તમામ કાર્યોમાં મદદરૂપ થવા હાજર હોય છે, બાકી બધા સગા તો પછી આવે છે અને કદાચ આજ કારણે આપણા સમાજજીવનમાં રાત્રિના વાળું પછી સોસાયટીના નાકે, ફળિયામાં કે વસાહતની કોઈ કોમન જગ્યાએ થોડીવાર માટે પણ એકઠાં થઈને સાથે બેસી વાતો કરવાની પધ્ધતિ પ્રચલિત જોવા મળે છે. ગ્રામીણ સંસ્કૃતિ હોય કે શહેરી પરંતુ વર્ષોથી ચાલી આવતી પધ્ધતિમાં સૌ અડોશી પડોશી મિત્રો એકઠાં થઈ દિવસ દરમિયાનની ઘટનાઓની જાણકારી પ્રાપ્ત કરી શકે છે, એકબીજાના ઘરમાં આવનારા પ્રસંગો અંગે માહિતગાર થઈ શકે છે વળી પોતાના રહેણાંક વિસ્તારની સમસ્યાઓ અંગે ચર્ચા કરી તેના ઉકેલ અંગે વિકલ્પો વિચારી શકે છે. ગુજરાત રાજયની સ્થાપના બાદ વિકસાવાયેલા પાટનગર ગાંધીનગરમાં જયારે સરકારી કર્મચારીઓના વસવાટની શરૂઆત થઈ ત્યારે સૌથી જુની એવી સેકટર-૧૬ની વસાહતમાં પ્રારંભ થયેલ રાત્રિ બેઠક છેલ્લા ૫૦ વર્ષોથી એક પણ દિવસના વિરામ વગર અવિરતપણે આજ સુધી ચાલુ છે એટલું જ નહી પરંતુ આ રાત્રિ બેઠક માત્ર સેક્ટર-૧૬ જ નહી સમગ્ર પાટનગરના વિકાસ માટે અત્યંત ઉપયોગી સાબિત થઈ છે.

પાટનગરની સ્થાપના સાથે સરકારે વિવિધ સેકટરોમાં અલગ અલગ પ્રકારના સરકારી આવાસો બાંધ્યા હતા જેની સાથે દરેક સેકટરમાં જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ મળી રહે તે માટે નાના-મોટા શોપીંગ સેન્ટર્સ પણ બનાવ્યા હતા અને શોપીંગ સેન્ટર્સમાં દરેક દુકાનદારને કયો વ્યવસાય કરવો તે નિયત કરવામાં આવ્યું હતું. સેકટર-૧૬માં ચ ટાઈપ અને છ ટાઈપના કુલ ૩૩૦ સરકારી મકાનો ફાળવાયા હતા જેમાં મોટા ભાગના સરકારી કર્મચારીઓ અમદાવાદની દરિયાખાન ઘુમ્મટ સરકારી કોલોની ખાતેથી શીફ્ટ થઈ અહીં રહેવા આવ્યા હતા. શોપીંગ સેન્ટરમાં દુકાન નં. ૧ જે પોપટલાલ વિઠ્ઠલદાસ પોપટ અને જીવણલાલ વિઠ્ઠલદાસ પોપટને ફાળવવામાં આવી હતી તેની આગળ ખુલ્લી જગ્યામાં તા. ૨૯મી એપ્રિલ ૧૯૭૦ના રોજથી રાત્રિ બેઠકની શરૂઆત થઈ હતી. આ બેઠકની શરૂઆત અરૂણભાઈ બુચ, સૂર્યકાન્ત બારોટ, ભૂપેન્દ્ર પટેલ અને દુકાનધારકો દ્વારા કરવામાં આવી હતી. ધીમે ધીમે 'લોગ જુડતે ગયે ઔર કારવાં બનતા ગયા'ની જેમ વસાહતના અન્ય નાગરિકો પણ તેમાં જોડાવા લાગ્યા એટલે સંખ્યા વધતા વસાહતીઓએ શોપીંગ સેન્ટર સામેની ખુલ્લી જગ્યામાં ત્રિકોણાકાર બગીચો વિકસાવ્યો અને તેમાં બાંકડા મુકાવી બેઠક શરુ કરી હતી. આ બેઠકમાં તમામ સરકારી કર્મચારીઓ હોવાથી દિવસ દરમિયાન કરેલ સરકારી કાર્યાલયોની જ માથાકૂટ રાત્રે પણ ચાલુ ના રહે તે હેતુથી એક નિયમ બનાવાયો કે રાત્રિ બેઠક દરમિયાન કોઈએ સરકારી નોકરી અથવા કોઈ પણ પ્રકારની રાજકીય ચર્ચા કરવી નહીં. આ નિયમના કારણે બેઠકમાં મળતા વસાહતીઓ દ્વારા વસાહતને લગતા પ્રશ્નો અને એકબીજાના સુખ દુઃખની વાતો વધુ થતી અને જેના કારણે તેમની આ આત્મીયતા ઘનિષ્ઠ બનવા લાગી અને તે સાથે જ વર્ષ ૧૯૭૦માં શહેરના સૌ પ્રથમ વસાહત મંડળની સ્થાપના પણ કરવામાં આવી હતી જેને પણ હવે પચાસ વર્ષ પૂર્ણ થઈ જવા થઈ રહ્યા છે.

સમયાંતરે રાત્રિ બેઠકમાં અવિનાશ રાવલ, પ્રહલાદ જાની, હરિભાઈ દવે મુખી, કનુભાઈ સોની, રમણભાઈ પટેલ, મનસુખભાઈ પંચાલ, મહાવીરસિંહ ગોહિલ, નવીનચંદ્ર બારોટ, અમરસિંહ ગોલ, ચંદુજી ઠાકોર, કનુભાઈ ચૌહાણ, જે.ડી. દવે, જી.પી. વ્યાસ, સીતારામ શુકલ, પ્રિતમભાઈ આચાર્ય, એચ.એમ. મોદી, બી.એમ. વણઝારા, એન.એમ. ગાંધી, આર.એમ. શ્રીમાળી, એમ.ડી. પંચાલ, એન.બી. ખોપકર, શરદ મૂળે, પરીખભાઈ, મનુભાઈ ગઢવી, કે.એન. શેકીયા, પી.એ. વાઘાણી, એચ.પી. જાજલ જેવા વસાહતીઓ નાત-જાત-ધર્મના ભેદભાવ વિના જોડાતા ગયા અને સાથે સાથે વિસ્તારની સમસ્યાઓનો ઉકેલ પણ લાવતા ગયા. રાત્રિ બેઠકના કારણે સેકટરમાં નવરાત્રિ અને હોળી જેવા ઉત્સવોની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો જેની મુખ્ય જવાબદારી શોપીંગ સેન્ટરના વેપારીઓ દ્વારા ઉપાડવામાં આવી હતી જે આજે પણ ઉપાડી રહ્યા છે. વર્ષ ૧૯૯૮ સુધી તો હોળી પ્રાગટય બાદ રાત્રિના બાર વાગ્યા સુધી ભજીયા જેવા ગરમાગરમ નાસ્તાની જયાફતો પણ ચાલતી હતી. સૌ પ્રથમ શરુ કરાયેલા સેકટર-૧૬ વસાહત મંડળના પ્રમુખ પદે અરૂણભાઈ બુચ, મંત્રી પદે સૂર્યકાન્ત બારોટ અને ઉપપ્રમુખ પદે ભૂપેન્દ્ર પટેલની વરણી કરાઈ હતી. વસાહત મંડળના પ્રયત્નોથી ગાંધીનગરની પહેલી પોસ્ટ ઓફિસ અને પહેલું સરકારી દવાખાનું પણ સેકટર-૧૬માં કાર્યરત થયું હતું. શરૂઆતના સમયમાં શાકભાજી જેવી પ્રાથમિક જરૂરિયાત પુરી કરવા વસાહતીઓએ અમદાવાદના શાકભાજીના વેપારીને અહીં વેપાર કરવા બોલાવ્યો જે રોજ અપડાઉન કરી શાકભાજીની દુકાન ચલાવતો હતો. રાત્રિ બેઠકના વસાહતીઓનું માનવું છે કે આ સેકટરમાં નાના અને મધ્યમ પગારદાર કર્મચારીઓનો વસવાટ હોવાને કારણે આ સંગઠનને સફળતા મળી હતી.







આ સપ્તાહમાં તા. ૨૯મી એપ્રિલે આ રાત્રિ બેઠકને ૫૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે અને આશ્ચર્યની વાત તો એ છે કે છેલ્લા ૫૦ વર્ષમાં ગમે તેવી કાતિલ ઠંડી, તીવ્ર ગરમી કે અતિશય વરસાદ વરસ્યો હોય છતાં એક પણ રાત્રિ આ બેઠક યોજાયા વગર રહી નથી. આજે પણ આ બેઠકમાં અરૂણભાઈ બુચ, સૂર્યકાન્ત બારોટ, જશુભાઈ ઠકકર, ચંદુજી ઠાકોર, નીતિનભાઈ પોપટ, અશોક પોપટ, કૃષ્ણકાંત દિક્ષિત જેવા જુના જોગીઓ સાથે મહેન્દ્ર શ્રીમાળી, ભાનુભાઈ, દિનેશભાઈ ચૌહાણ જેવા સભ્યો નિયમિત મળી બેઠકને જીવંત રાખી રહ્યા છે. આ સાથે શોપીંગ સેન્ટરમાં દુકાનધારકોની હાલ ત્રીજી પેઢી કાર્યરત છે જે પણ આ રાત્રિ બેઠકને સંપૂર્ણ સન્માન આપી રહી છે. આ રાત્રિ બેઠકની પરંપરાએ શરુ કરેલ વસાહત મંડળના કારણે શહેરના તમામ સેકટર્સના વસાહત મંડળો સ્થપાયા અને તે ઉપરાંત શહેર વસાહત મહામંડળની પણ સ્થાપના થવા પામી જે શહેરની પ્રજાલક્ષી સમસ્યાઓ ઉકેલવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી રહ્યું છે. આમ વસાહતીઓનો સકારાત્મક સંબંધ સમગ્ર શહેરની જીંદગી સજાવી રહ્યો છે.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com